સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ફરી મંત્રીઓને મોટે મુમતી બાંધવી પડશે!
ફરી ઉદ્યોગપતિઓથી ગાંઠ સાંધવી પઢશે!
રાંધવી પડશે રસોઇ દિલ્હીના મેળાની પણ -
સંઘ રિમોટની મર્યાદા પણ બાંધવી પડશે..

હાઈકુ

ભાણીયાં ભાણે -
મામા પીરસનાર -
પૂછવું' જ શું?!

દુખ ભરે દિ'
હવે બીતે રે ભૈયા
સુખ આયો રે..

ચિંતન

રત્ના કરતનુજનુષિ દ્વિજરાજે રાજનિ શ્રિયો મિક્ષે । અમૃત કરે ચ કલાવતિ પદ્મનિવાસા કુતો ભવતિ ॥

લક્ષ્મી સદાય ચંચળ છે એ ક્યાંય પણ સ્થિરપણે રહેતી નથી એ સમજાવતા અહીં-સુભાષિત ભાંડાગારના બીજા પ્રકાર 'લક્ષ્મીનો સ્વભાવ' સમજવા કેટલાંક પ્રાકૃતિક દૃષ્ટાંતનો ઉપયોગ થયો છે :

'જે રત્નોનો ભંડાર કહેવાય છે, એ રત્નાકર-સમુદ્રમાંથી ચંદ્રનો જન્મ થયો છે, એ ચંદ્ર બ્રાહ્મણો તથા નક્ષત્રોનો પણ અધિપતિ-'રાજા' કહેવાય છે શોભા અને સૌંદર્ય તો મિત્ર ગણાય છે, વળી તેનાં-ચંદ્રના કિરણો અમૃત સમાન ગણાય છે - ચંદ્ર જાતે પણ સોળ કળાએ ખીલેલો-પૂર્ણ છે, આવા ચંદ્રને પણ એની 'લક્ષ્મી' (શોભા) અમાસના દિવસે છોડીને ચાલી જાય છે.

વળી આ લક્ષ્મી 'કમળ' માં રહેનારી છે તેનું આસન કમળ છે તેથી જ લક્ષ્મીનું એક નામ 'કમલા' પણ છે આમ છતાં સૂર્યાસ્ત થતાં જ લક્ષ્મી કમળને પણ છોડીને ચાલી જાય છે, આવી ચંચળ લક્ષ્મી તો પછી અન્યોની પાસે તો ક્યાં સ્થિર રહે?

- જેની સત્તા-પદ-ગ્રહકાળ-સમયનો સૂર્યાસ્ત થાય ત્યારે ભલભલાને પણ 'લક્ષ્મી' છોડીને ચાલી જાય છે - લક્ષ્મીનો સ્વભાવ 'ચંચળ' છે.

સુવિચાર

- દુલારા દાંપત્ય માટે અનેકવાર પ્રેમમાં પડવું જરૂરી છે હંમેશા એની એ જ વ્યક્તિ સાથે **- મહેન્દ્ર મેઘાણી**
- પિતાની પુત્રને સલાહ.. 'મને ખબર નથી' એ કહેતાં ડરવું નહીં, 'મારાથી ભૂલ થઇ ગઇ' એમ કહેતાં અચકાવું નહીં.. 'હું દિલગીર' છું એટલું બોલતાં ખચકાતો નહીં **- SMS**
- માણસ ધનવાન કે કુળવાન હોવાથી સારો કે સદ્‌ગુણી નથી બનતો, એણે હાથ પર લીધેલા કામ પાર પાડવાનો સંકલ્પ જ એને સાચો માનવી ગણવાને હક પાત્ર બનાવે છે, સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- દુ:ખ અને સુખની ઘટમાળ અંધારા અને અજવાળાની માફક ફરતી રહે છે.. જે લોકો આ ઘટમાળનો મહત્તમ લાભ લેતાં આવડે એ જ સાચું જીવન જીવી જાય છે **- પૂજ્ય મોટા**
- વાહ રે જુવાન... તું પણ કોઇ અજબ નિરાશાવાદી લાગે છે. પ્રયત્નથી સચ્ચાઇ તારી પડખે ઊભી છે અને છતાંયે તું કહ્યા કરે છે કે 'કોઇ મારે પડખે નથી' **- ડો.ચન્દ્રકાન્ત મહેતા**
- દૃષ્ટિએ આપણી કાયાની ખૂબ જ તીવ્ર ઇન્દ્રિય હોવા છતાં તે ડહાપણને ઓળખી શકતી નથી **- સ્પેનીશ કહેવત**
- સામેની વ્યક્તિની ખરા સ્વભાવની પૂરેપૂરી સમજણ મેળવ્યા સિવાય તેને સાચું માર્ગદર્શન આપવું કપરૂં છે **- ફાધર વર્ગીસ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ક્રિકેટર સચિન, નાની ઉંમરમાં ભારતરત્ન થયા. ભારતની સંસદમાં સન્માનીય પદે છે. ક્રિકેટના મેદાન પર ચોગ્ગા-છગ્ગા અને સદીઓ માટે જરૂર છે એકાગ્ર અર્જૂન જેવી દૃષ્ટિ અને મક્કમ મનોબળ...

પાંચમી ઓક્ટોબર બે હજાર સાતના દિવસે હૈદ્રાબાદનાં ભારત-ઓસ્ટ્રેલિયાની 'વન-ડે' હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવ લીધો-૨૯૦ રન કરી ૨૯૧નું લક્ષ્યાંક આપ્યું. ભારત ૨૪૩ રન જ કરી શક્યું - હાર્યું એ મેચમાં બોલર 'બ્રેડ હોગે' સચિનને ૪૩ રને ક્લીન બોર્ડ કર્યો - રમતનું એ ટર્નીંગ પોઇન્ટ હતું. રમત પુરી થઇ. બ્રેડ હોગનો સચિનની વિકેટ લેવાનો આનંદ સમાતો ન હતો. એને માટે એ ગૌરવ હતું - એ બોલ લઇ સચીનના રૂમમાં ગયો અને બોલ પર આજની તારીખ સાથે સહી કરી આપવા વિનંતી કરી. સચીને સહી કરી અને સાથે લખ્યું 'હોગી! શુભેચ્છા! પણ જિંદગીમાં હવે બીજીવાર ક્યારેય આવું નહીં બને તેની નોંધ લેજે!'

ત્યારબાદ સચિન આ હોગી સામે જ ૪ ટેસ્ટ અને ૭ વનડે રમ્યો પણ હોગીને વિકેટ ન જ મળી... આને કહેવાય મનોબળ અને મક્કમતા...

Email - sureshchandrabhatt18@gmail.com

દૂરદર્શન ડી.ડી. ગિરનાર કેન્દ્ર પરથી તાજેતરમાં 'કવિ કહે' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા કાવ્યપઠનમાં ચાર કાવ્યો રજૂ થયાં હતા, કવિને અભિનંદન

સર્જક અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સાહિત્ય સમાચાર સેતુ

● ગુજરાતના સુપ્રસિદ્ધ સંતકવિ છોટમ (છોટાલાલ કાળીદાસ) ચરોતરમાં આવેલા સોજિત્રા પાસેના મલાતજ ગામમાં ઇ.સ. ૧૯૧૨માં જન્મેલા. 'શ્રી છોટમ કાવ્ય સંગ્રહ' તથા 'છોટમની વાણી' ગ્રંથ ૧-૩ દ્વારા આ સંત કવિની ધાર્મિક કૃતિઓ સમસ્ત ગુજરાતમાં પ્રસરેલી. કવિના ચાહક શૈલેષ પરમારે મલાતજમાં ઇ.સ.૨૦૧૪ સંત કવિ છોટમની ૨૦૨મી જન્મ જયંતી ઉછવી એ પ્રસંગે 'સિદ્ધ મહાત્મા શ્રી છોટમ કવિની સુબોધવાણી' નામે એમની ૨૪ કૃતિઓનું સંપાદન - સંકલન કરી લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં ગુરૂ મહિલા વર્ણનથી લઇને વિવેક વર્ણન, ધર્મ નિરૂપણ, મનુષ્ય શ્રેષ્ટતા, સ્ત્રી ધર્મ અને સત્સંગ મહિલા જેવી ૬ કૃતિઓ અગ્રીમ સ્થાન ધરાવે છે. તે ઉપરાંત પંચકરણ, ગૃહસ્થાશ્રય શ્રેષ્ઠતા જેવા સાંસારીક વિષયોને પણ સમાવાયા છે. તે પછી વેદ વિરૂદ્ધ મત, મંચગતિ વર્ણન, ધર્મબ્રહ્મ પ્રકાશ, કૃતિઓ આપીને છેલ્લે છોટમ શ્રી 'કિર્તનમાળા' આપવામાં આવી છે.

● **સાહિત્યના બધુ સામાયિકો અંગે -**

આપણી ભાષામાં પ્રગટ થયેલાં ગુજરાતી સાહિત્યના લઘુ સામયિકોનો સંદર્ભ કોશ તૈયાર થઇ રહ્યો છે. તેમાં સામયિકો, સંપાદકો અને સાહિત્યિક પત્રકારત્વને લગતાં નોંધપાત્ર ગ્રંથોનો સમાવેશ કરવામાં આવનાર છે. આ અંગે જે માહિતી ઉપલબ્ધ હોય તો કિશોર વ્યાસ, ૬-બી, મહેતા સોસાયટી, કાલોલ (પંચમહાલ) ૩૮૯૩૩૦, મોકલવા જણાવાયું છે. તેમનો સંપર્ક નંબર - ૬૪૨૭૬૭૫૦૭૫, ૯૯૨૪૭૩૧૧ છે.

● દૂરદર્શન ડી.ડી. ગિરનાર કેન્દ્ર પરથી તાજેતરમાં 'કવિ કહે' કાર્યગ્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા કાવ્યપઠનમાં ચાર કાવ્યો રજૂ થયાં હતા કવિને અભિનંદન.

● મુંબઇના એક જમાનામાં ખ્યાતનામ ગુજરાતી સાહિત્ય 'ચેતમ છેદર' ના તંત્રી સ્વ. શ્રી કેશવલાલ ધનેશ્વર દ્વિવેદી 'શનિ' કાર્ટૂનિસ્ટ પણ હતા અને 'ચેતમ છેદર' માં તેમની કટાર 'હાલ્ય ઘોડી હામે પાર' ઘણી લોકપ્રિય થયેલી.

તેમના જીવન અને પત્રકારત્વ વિશે સંશોધન કાર્ય હાથ ધરાયેલ છે, તો તેમના વિશેની આધારભૂત માહિતી અને 'ચેતમ ચેદર'ના કોઇ અંકો પ્રાપ્ત હોય તો નીચેના સરનામે મોકલવા જણાવાયું છે. નગીન દવે, ૨૪૨, પુષ્પધામ સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, મો. ૯૪૨૬૬૩૧૪૨.

● **ગુજરાતી સાહિત્ય પરિષદની પારિતોષિકો :**

૨૦૧૨ અને ૨૦૧૩ના બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ૪૧ જેટલા પારિતોષિકો એનાયત કરવામાં આવતા હોઇ સર્વ લેખકો અને પ્રકાશકો તા. ૩૦-૫-૨૦૧૪ સુધીમાં દરેક પુસ્તકની એ નકલો, ક્યા પારિતોષિકો માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલવા જણાવાયું છે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને તેની સાથેની અન્ય પાંચ સાહિત્ય અકાદમીઓની યોજનાકીય જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર શ્રેષ્ટ પુસ્તકને પારિતોષિક, માન્ટ કૃતિઓનાં પ્રકાશનને સહાય, નવોદિત સાહિત્યકારોને પ્રકાશન સહાય, મૌલિક બાલ સાહિત્યને ઉત્તેજન, અનુવાદ સહાય યોજના, વૈદશાસ્ત્ર પારંગત પંડિતોનું સન્માન, સાહિત્યિક અને શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય, યુવા ગૌરવ પુરસ્કાર વિગેરેની માહિતી તા. ૩૧-૮-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા જણાવાયું છે.

કાવ્ય સેતુ

સાયર-ખોળે રમતો સૂરજ

આંખલડી ઊભરતો સૂરજ,
સાજણ સારુ સરતો સૂરજ,
સંધ્યા-પાશમાં સરતો સૂરજ,
ગોધૂલિમાં ખરતો સૂરજ,
ખેડ-પાણી પરવારી ખેતર,
પછી ધોરિયે વહતો સૂરજ,
મીઠાં પોપચે મરતો સૂરજ,
જડ, ચેતન, મદઝરતો સૂરજ,
દિનાંતે રખડી-રઝળીને,
ઘર-માળાને ભરતો સૂરજ,
ટાણું થ્યું કુંજલડી વળતી,
ગોવાલણ, આંતરતો સૂરજ.
અરમાનો ખેડી સંધ્યાએ,
ગોરે ગાલ મલપતો સૂરજ.
શબદ-સૂરના સથવારે પણ,
ઝાલરમાં રણઝણતો સૂરજ.
દઇ કોલ રન્નાદેને ખુદ,
સાયર-ખોળે રમતો સૂરજ.

- ભરત કવિ 'ઊર્મિલ'

બૃહદગીરના સાવજની ડણક

ધરા આ ગુર્જરી, તારે મુગટ, મોંઘો મણી દીઠો
બૃહદગીરના ગગન, સાવજ ડણકનો સાદ છે મીઠો
કહે ડાલામથ્થો કોઇ, કહે કો' કેસરી એને
હીરણ, મચ્છુન્દ્રી શિંગોડા તણા, વારી સદા પીતો
ફક્ત ના શાન છે ગુજારતની, કે હિન્દ ધરતીની
ગવાયો એશીયા ખંડે, અનોખી શાનની રીતો
ધીરે ડગલે ગતિ એણે, લીધી છે પૂર્વજો વાટે
દયા સૌ જીવની, એવે સ્થળે, વિશ્રામ છે કીધો
ભયો બગદાણે બજરંગ બાપનો જયકાર ઝાઝેરો
શેત્રુંજય પર્વતે જિનેન્દ્રનો જયઘોષ મોંઘેરો
બધા જયકાર ભેળો એક આ જયકાર પણ કરજો
જીવે માનવતણી પેઢી, ગાઇ સાવજ તણા ગીતો
ધરા સૌરાષ્ટ્રની, એની ખુમારી સિંહના જેવી
જણે જણના ગળે રણકાર, સવાયા સિંહનો દીઠો
કદમગીરી મહી પડઘા, સદા સાવજ તણા ગૂંજે
જીવાડીશું ને જાળવશું, આવકારો દઇ મીઠો.

- પ્રતાપસિંહ એમ. ડાભી

વૃક્ષો

પર્યાવરણ પોષાય ને છાયો સઘળાંને મળે,
માટે જ વૃક્ષો વાવવા ખૂબ જ જરૂરી છે.
ફૂલ-ફૂલ ઇમારતી લાકડાં હરદમ જે છે આપતાં
એવાં વન વિકસાવવામાં ખૂબ જ જરૂરી છે.
ધૂધવે સાગર-સરિયા, મેઘ વરસે આભથી,
વૃક્ષોને શણગારવાં ખૂબ જ જરૂરી છે.
આ ધરાનાં આવરણ વૃક્ષ-વનરાજી જ છે,
એમને રાજી રાખવાં ખૂબ જ જરૂરી છે.
'બાગ' રૂડાં ફૂલથી શોભી રહ્યો છે એટલે,
ઘર-ઘર વૃક્ષો વધાવવાં ખૂબ જ જરૂરી છે.

- બાબુ ગઢવી 'બાગ'

કવિશ્રી લજ્જારામ રચિત કટાક્ષભર્યા કાવ્યોનો રસાસ્વાદ

ચેતનાનો સમય

પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

આજથી પંચાવન વરસ પહેલાં જૂના જાણીતા કવિ શ્રી દલપતારામે કવિશ્રી લજ્જારામ રચિત કેટલાક કટાક્ષસભર કાવ્યોનું સંકલન કરીને તેમજ જૂના જાણીતા કવિશ્રી શામળ ભટ્ટ રચિત કટાક્ષભર્યા કાવ્યોનું સંકલન કરીને એક કાવ્ય સંગ્રહ બહાર પાડેલો કવિશ્રી લજ્જારામે તેમના એક કાવ્યમાં કહ્યું હતું કે -

ના સૂચે ચોર
ના સૂચે ધનવાન
ના સૂચે નિર્ધન
ના સૂચે જેને સુખ નહિં ઘેર,
ના સૂચે જેને વેર
ના સૂચે જેનો ગયો ગરાસ
સુખે સૂચે ચિંતા જેને નહિં

કવિશ્રીએ આ કાવ્ય દ્વારા કટાક્ષ કરીને એક ચેતનાસભર સંદેશો આપ્યો છે. ચોર લોકોને ઊંઘ આવતી નથી. કારણ કે તેઓ રાતનાં અંધારામાં ચોરી કરવા નીકળી પડે છે. ચોર લોકો ચોરી કરવા માટેની વ્યૂહરચના અગાઉથી ઘડી રાખે છે. આજે ક્યાં કોને ત્યાં ચોરી કરવા જવાનું છે. તેનો સર્વે કરી રાખે છે. પછી કેવી રીતે ઘરમાં ઘુસવું, ચોરી કરવીને કઇ રીતે છટકી જવું એની ચિંતામાં ચોરની ઊંઘ હરામ થઇ જાય છે.

ચોરી કર્યા પછી ચોરીનો માલ પકડાઇ ના જાય પોતે પકડાઇ ના જાય તેની ચિંતામાં ઊંઘી શકતો નથી ને સવાર પડી જાય છે. વળી ધનવાન લોકોની નિંદ્રા, વેરણ બની જાય છે. ડાબા હાથે કરેલી કમાણીનું ધન, કરચોરી કરીને છુપાવેલું ધન, કેમ સાચવવું? ચોર લોકો કે લૂંટારા આવીને ધન ચોરી જશે કે લુંટી જશે તો? વળી હજુ વધારે ને વધારે ગમે તે રીતે અળવા માર્ગે પણ ધન કેમ એકઠું કરવું તેની ચિંતામાં ધનવાનની ઊંઘહરામ થઇ જાય છે.

પ્રમાણિક રસ્તે, સાચા રસ્તે, મહેનત કરીને કમાણી કરીને ધનવાન બન્યો હોય તેને આરામથી ઊંઘ આવી જાય છે. તો બીજી બાજુ નિર્ધન, ગરીબ માણસની ઊંઘ તો જીંદગીભર હરામ થઇ જાય છે. વળી જે માણસે કુટુંબ, સગાવહાલાં, સમાજમાં વેરઝેર બાંધ્યા હોય તેવા માણસને ઊંઘ આવતી નથી. રખેને જેની સાથે વેરઝેર બાધ્યા હોય તેઓ રાતો હુમલો કરશે તો? એની ચિંતામાં રાત આખી પડખા ફેરવ્યા કરે પણ ઊંઘ હરામ થઇ જાય છે. ગામડામાં કોઇ માણસનો વૈભવ, હોય, સમૃદ્ધ હોય ખેડૂત હોય, ગ્રામ્ય સમાજમાં જેની વાહ વાહ બોલાતી હોય, ગામડામાં તેનો વટ પડતો હોય એવા માણસને ગરાસદાર કહેવાતો આવા માણસનો ગરાસ લૂંટાઇ જશે તો? તેનો વૈભવ ચાલ્યો જશે તો? તેવા માણસની ઊંઘ હરામ થઇ જાય છે. ટૂંકમાં કવિશ્રી આ કાવ્ય દ્વારા ચેતનાનો સંદેશો આપવા માંગે છે કે જીવનમાં સંતોષ રાખવો, સંતોષી નર સદા સુખી - સંતોષી નર સદા સુખી.

જે માણસને કોઇ જાતની ચિંતા નથી. બે ટંક રોટલો મળતો હોય અને સૂવા બેસવા ઓટલો અર્થાત્ નાનકડી છત્રછાયા મળી હોય થોડામાં સંતોષ માનતો હોય જેને કોઇ વેરઝેરના હોય જેણે અવળા માર્ગે ધન એકઠું કર્યું ના હોય એવો માણસ સુખી માનવો. આવો માણસ નિરાંતે ચિંતા વગર ઊંઘી શકે છે.

કવિશ્રી શામળ ભટ્ટે પણ કટાક્ષસભર કાવ્યો રચ્યા હતા. તેના ઉપર એક નજર નાખીએ -

"જે ઉદ્યમ નવ કરે અકરમી કહેવાયો
જો તે ઝાઝુ ખાય કહેવાશે અંકરાતીયો"

માણસે ઉદ્યમ કરીને મહેનત કરીને જીવવું જોઇએ. માણસ ઉદ્યમ કરે નહિં ને આળસું બનીને બેઠો રહે અને રાત દિ' ઊંઘ્યા કરે તે માણસને કવિશ્રીએ અકરમી કહ્યો છે એક કહેવત છે કે અકરમીનો પડીયો કાણો. વળી જે માણસ વધારે પડતું પેટના ચારેય ખૂણ ચલકાઇ જાય તેટલું ખૂબ ખાય અને આખો દિ નવરો બેઠો ખા ખા કરે એવા માણસને કવિશ્રીએ અંકરાતીયો કહ્યો છે. પછી તો આવા અંકરાતીયા માણસની તબીયત લથડવા લાગે છે વધારે પડતું ખાધેલું પચતું નથી. કવિશ્રી આ કાવ્ય દ્વારા ચેતનાનો સંદેશો આપવા માંગે છે કે થોડું ખાવ પેટમાં થોડીક જગ્યા રાખો. ખાધેલા ખોરાકને પેટમાં વલોવવા પૂરતી તો જગ્યા રાખવી પડે ને!

પેટને અનુલક્ષીને શામળ ભટ્ટે તેમના કટાક્ષ કાવ્યમાં કહ્યું છે કે -

પેટ કરાવે વેઠ
પેટ વગડાવે વાજા
પેટ કરાવે પાપ
પેટ હરે સત્ય
પેટ કરાવે પ્રપંચ
પેટ કાજે નરકે પડે
પેટ કાજે ખુશામત કરે
પેટ કરાવે છળકપટ
પેટ કરાવે વિખવાદ
પેટ કરાવે ચોરી

શામળજી કહે છે કે પેટને ખાતર માનવી તેના માનપાન ગુમાવે છે. કવિશ્રી શામળ ભટ્ટે છપ્પા રચ્યા હતા. જે શામળજીના છપ્પા તરીકે પ્રખ્યાત થયા હતા. શામળજીએ તેના રચેલા છપ્પામાં (કાવ્યનો એક પ્રકાર) ચેતના સભર સંદેશો આપતાં કહ્યું છે કે -

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે
કરે નીચનો સંગ, સકળ સદ્‌ગુનો ગુમાવો
કરે નીચનો સંગ, નીચની ભાષા બોલે
કરે નીચનો સંગ, નીચની રીતી રાખે
નીચ કરાવે નીચા કામ, શામળજી કહે છે કે
સંગત નીચની, કોઇના કરશો કોઇ દિન.

માણસે સારા સંસ્કારી લોકો સાથે નાતો રાખવો જોઇએ. સંસ્કારી માણસો સાથે સંગત રાખશો તો તમે ઉચ્ચ સંસ્કારી માણસ ગણાશો.

વળી શામળજી કહે છે કે -

મળે નીચને નીચ
મળે પાપીને પાપી
મળે જ્ઞાનીને જ્ઞાની
મળે વ્યસનીને વ્યસની
મળે ગુણવાન ને ગુણવાન.
તમે જેવા છો તેવા માણસ તમને મળશે
તમે સારા હશો તો તમને સારાજ મળશે

બીજા એક છપ્પામાં શામળજીએ લોભ વિષે કટાક્ષ કરતાં કહ્યું છે કે

લોભ ઘટાડે લાજ (આબરૂ)
લોભ ઘટાડે વ્યવહાર

(અનુસંધાન પાના નં. ૬ પર)

સ્ટેશન માસ્ટર તેમજ કુલી બહેનો પણ 'મા' ની આવી દયાજનક સ્થિતિ જોઇ, પુત્ર પ્રત્યે, ધિક્કારની લાગણી અભિવ્યક્ત કરે છે

કપુત પુત્રના ખેલ

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના કરમસદ ગામમાં દેવીપ્રસાદ પોસ્ટ માસ્ટર તરીકે સેવા આપી રહ્યા છે. ભાવનગર જીલ્લાના કોઇ પણ ગામે તેમની બદલી થઇ શકે તેમ છે. વલ્લભીપુર ભાવનગરથી ફક્ત ૪૦ કિ.મી. ના અંતરે હોવાથી, દેવીપ્રસાદ રોજ આવ-જા કરે છે. ભાવનગરના વડવા વિસ્તારમાં રત્નમણી સોસાયટીમાં તેમનો ફ્લેટ આવેલો છે. તેઓને નિવૃત્ત થવામાં હવે બહુ સમય નથી, તેઓ ખૂબ ભણ્યા નથી પરંતુ પોતાની જેવી પરિસ્થિતિ પોતાના પુત્ર જયંતની થાય નહિ તેથી જયંતના બાળપણથી જ તેના અભ્યાસમાં દેવીપ્રસાદ દંપત્તિ ધ્યાન આપતો. એકના એક પુત્ર જયંતે વિના વિઘ્ને બી.ફાર્મ કર્યું અને શિહોરમાં તેમની જ જ્ઞાતિના અનંત રાય - દવાની ફેક્ટરી ધરાવતાં હતા તેથી જયંતને ત્યાં સર્વીસ મળી ગઇ. જયંત નિષ્ઠાપૂર્વક તેમજ ધગશથી સેવા કરતો હોવાથી, અનંતરાય તેની એકની એક દીકરી નીલાના લગ્ન તેની સાથે કરવા વિચારતાં હતા. લગ્ન પછી દીકરી-જમાઇને તેનો મિત્ર કેનેડામાં રહે છે ત્યાં મોકલાવવાનું આયોજન વિચારેલ, તે મુજબ લગ્ન લેવાય છે, અને અનંતરાય તેમના આયોજનમાં આગળ વધે છે.

આ તરફ દેવીપ્રસાદ નિવૃત્ત થાય છે અને નિવૃત્તિ પછી સેવાકીય પ્રવૃત્તિ કરવાનું વિચારે છે. તેઓ જે સોસાયટીમાં રહે છે તેની આજુબાજુ સારૂં વાતાવરણ, સામે જ બગીચો તેમજ શાકમાર્કેટ પણ નજીક હોવાથી બહુ જ અનુકૂળતા રહે છે. પોતાના પુત્રને વિદેશ જવાનો તેમજ અભ્યાસ કરવાનો સારો ચાન્સ મળ્યો હોવાથી, દેવીપ્રસાદ દંપતિ સહર્ષ સ્વીકારે છે. પુત્ર વિદેશ પ્રણાય કરે છે.

દેવીપ્રસાદ હવે નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા છે, ત્યારે એક દિવસ વહેલી સવારે છાતીમાં દુખાવો થાય છે. ડોકટરને દેખાડવામાં આવતા, દાખલ થવાનું જણાવે છે, સારવારના બે દિવસ પછી, દેવીપ્રસાદનું હાર્ટએટેકને લીધે અવશાન થાય છે. વિદેશમાં પુત્રને જાણ કરવામાં આવે છે. ત્રણેક દિવસમાં લૌકિક ક્રિયા પતાવી વિદેશ પાછો ફરે છે. પરંતુ જતાં જતાં 'મા' ને ભાવનગરનું ઘર સમેટી, વિદેશ આવવા જણાવે છે જેનો 'મા' સ્વીકાર કરે છે.

'મા' જે ફ્લેટમાં રહે છે તેનો વિચાર વિદેશમાં રહેતા પુત્રને આવે છે. એકલાં રહેવું એના કરતાં ભાવનગરમાં બધું જ સમેટીને પોતાની સાથે લાવવા માટે 'મા' ને ભાવનગર પોતે આવી રહ્યાની જાણ કરે છે, તદાનુસાર કુટુંબ સાથે આવે છે પરંતુ પોતાની પત્નીને ભાવનગરના એક ગેસ્ટ હાઉસમાં ઉતારો આપે છે.

ભાવનગર આવ્યા પછી, જયંત પોતાના પુત્ર સાથે 'મા'ને મળવા આવે છે અને એકલા રહેવું તેના કરતા પોતાની સાથે વિદેશ આવવા ફરીથી આગ્રહ કરે છે પરંતુ 'મા' તો ના પાડે છે. ત્યારે પોતાના પુત્ર મારફત 'દાદી મા'ને વિદેશ આવવા જણાવે છે. પોતાના પૌત્ર મારફત આગ્રહ થાય છે. ત્યારે 'મા' થોડા ઢીલા પડે છે અને બહુ જ કચવાતાં મને સાથે આવવાનો પ્રસ્તાવ સ્વીકારે છે. ત્રણેક દિવસ પછી પાછા ફરવાનું પુત્ર જયંત જણાવે છે તે દરમિયાન જયંત, ફ્લેટ તથા ઘરની તમામ વસ્તુઓનો બારોબાર સોદો કરી નાંખે છે. જવાના દિવસે જયંત 'મા' ને જણાવે છે કે ભાવનગરથી અમદાવાદ પહેલાં ટ્રેનમાં જવું પડશે, ત્યારબાદ અમદાવાદથી પ્લેટનમાં જવાનું છે. બધી જ તૈયારી સાથે 'મા' દીકરો ભાવનગર સ્ટેશને આવે છે, ત્યારે ટ્રેનની ટિકીટ લઇને આવું છું તેમ કહી જયંત પોતાના પુત્ર સાથે ટિકીટ લેવા જાય છે. 'મા' સર્વપ્રથમ પૌત્રને મુકી જવા આગ્રહ કરે છે પરંતુ જયંત હમણાં જ ટિકીટ લઇને આવું છું તેમ કહી પુત્ર સાથે ટિકીટ લેવા જાય છે.

આમ એક કલાક બે કલાક તથા અડધો દિવસ પસાર થઇ ગયો, સાંજ પડવા આવી, અઘારૂં થવા લાગ્યું તેમ છતાં પુત્ર જયંત આવ્યો નહિ તેથી ઊભા થઇ, આમતેમ સ્ટેશન ઉપર આંટા મારે છે, આવી પરિસ્થિતિમાં એકલાં જોઇ, ભાવનગર સ્ટેશન ઉપર કુલી બહેનો હાય કરે છે તે હવે 'મા' પાસે આવવા લાગ્યા કારણ કે 'મા' એકલા હતા, અઘારૂં થઇ ગયું હતું એ રાત્રે થઇ જવા આવી હતી. કુલી બહેનો 'મા' પાસેથી હકીકત જાણ્યા પછી હવે પુત્ર આવશે નહિ તેવું જણાવે છે પરંતુ 'મા' ખાત્રીપૂર્વક જણાવે છે કે મારો જયંત ટિકીટ લેવા ગયો છે તે જરૂરથી આવશે. હવે કુલી બહેનો, સ્ટેશન માસ્ટરને મળીને 'મા'ની પરિસ્થિતિ જણાવે છે. સ્ટેશન માસ્ટર 'મા' માટે રાત્રી રોકાણ અર્થે એક વેઇટીંગ રૂમ ખોલી રાખે છે અને એકાદ કુલીબહેનને 'મા'ની દેખરેખ રાખવાની પણ સૂચના આપે છે. સ્ટેશન માસ્ટર તેમજ કુલી બહેનો પણ 'મા' ની આવી દયાજનક સ્થિતિ જોઇ, પુત્ર પ્રત્યે, ધિક્કારની લાગણી અભિવ્યક્ત કરે છે, તે દરમિયાન 'મા' ને માનસિક અસર થતાં, જયંત જરૂર આપશે - મારો જયંત જરૂર આવશે તેવો લવારો કરતાં રહે છે. 'મા'ની આવી પરિસ્થિતિ થતાં, બીજે દિવસે સ્ટેશન માસ્ટર તથા સ્ટાફ, ભાવનગર નજીક અધેવાડા મેન્ટલ હોસ્પિટલનેઆ અંગે જાણ કરે છે. મેન્ટલ હોસ્પિટલને આ અંગે જાણ કરે છે. મેન્ટલ હોસ્પિટલનો સ્ટાફ પરિસ્થિતિ જાણ્યા પછી, 'મા' ને હોસ્પિટલ લઇ આવે છે ત્યાં પણ મારો જયંત ટિકીટ લેવા ગયો છે તે જરૂરથી આવશે... જરૂરથી આવશે તેવું રટણ કર્યા કરે છે. આમ નિરાધાર 'મા' 'કપુત પુત્રના ખેલ'ને લીધે, મેન્ટલ હોસ્પિટલમાં શેષ જીવન પસાર કરી રહ્યા છે.